# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-08-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## ભુજ ખાતે કોમ્યુનિટી રેડિયો જાગૃત્તિ વર્કશોપ

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયે, વિશ્વાસ જ્ઞાન પ્રબોધિની અને સંશોધન સંસ્થા, નાસિક, મહારાષ્ટ્રના સહયોગથી, ભુજ ખાતે કોમ્યુનિટી રેડિયો જાગૃતિ વર્કશોપનું આયોજન કર્યું હતું.બે દિવસના આ વર્કશોપમાં મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગોવાના સહભાગીઓ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે માહિતી અને પ્રસારણ મંત્રાલયના સંયુક્ત સચિવ ડૉ. કે. કે. નિરાલાએ વિકાસ કાર્ય સંબંધિત માહિતી તેમજ આરોગ્ય, શિક્ષણ, ચૂંટણી વગેરે જેવી સરકારી યોજનાઓ વિશે જાગૃતિ લાવવા માટે કોમ્યુનિટી રેડિયો સ્ટેશનોનો ઉપયોગ કેવી રીતે કરવો તેના પર ભાર મૂક્યો હતો.

વિશ્વાસ જ્ઞાન પ્રબોધિનીના સીઈઓ ડૉ. હરિ કુલકર્ણીએ આકાશવાણી સાથેની વાતચીતમાં જણાવ્યું કે,આ વર્કશોપમાં કોમ્યુનિટી રેડિયો સ્ટેશન સ્થાપિત કરવા માટેનું માર્ગદર્શન આપવાની સાથે સાથે કોમ્યુનિટી રેડિયો માટે ગુણવત્તાયુક્ત સામગ્રી, મંત્રાલય તરફથી મળતી નાણાકીય અને તકનીકી મદદ વગેરે અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

(બાઈટ--- ડૉ. હરિ કુલકર્ણી)

વર્કશોપમાં ભાગ લેવા માટે ગોન્દીયા-મહારાષ્ટ્રથી આવેલા દિલીપ જૈને આ વર્કશોપ અંગે પોતાનો પ્રતિભાવ આ રીતે આપ્યો હતો

(બાઈટ--- દિલીપ જૈન)

-----------------------------------------------------------------------------

## પશ્ચિમ કચ્છ સરહદી સમુદ્રી વિસ્તારમાંથી ચરસના 7 પેકેટ મળ્યા

પશ્ચિમ કચ્છના સરહદી સમુદ્રી વિસ્તારમાંથી BSFને પેટ્રોલિંગ દરમિયાન ચરસના 7 પેકેટ મળી આવ્યા છે. લખપતના લક્કી નાલા ક્રીક વિસ્તારમાંથી બિનવારસી હાલતમાં આ શંકાસ્પદ પેકેટ મળતાં તરત જ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાંથી અગાઉ પણ નશીલા પદાર્થોના પેકેટ મળવાની ઘટનાઓ બની છે.

તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, મોટાભાગે આ પ્રકારના ચરસના પેકેટ સમુદ્રની લહેરો સાથે કિનારા પર તણાઈ આવે છે. સુરક્ષા એજન્સીઓએ આ મામલે વધુ તપાસ શરૂ કરી છે.

---

## વરસાદ

બંગાળની ખાડીમાં સર્જાયેલા અપર એર સાયક્લોનિક સર્ક્યૂલેશનને પગલે રાજ્યની સાથે કચ્છમાં પણ છેલ્લા ચાર દિવસથી વરસાદી માહોલ સર્જાયો છે. જોકે, આજે ૩-૪ તાલુકાને બાદ કરતા બાકીના વિસ્તારોમાં વરસાદનું જોર ઘટ્યું છે.

નખત્રાણા તાલુકાના ઉખેડા, રસલીયા, કાદીયા સહિતના ગામોમાં આજે બપોર પછી જોરદાર વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ છે.

માંડવીથી ભુપેન્દ્ર સલાટ જણાવે છે કે, માંડવીમાં સવારથી સતત હળવાથી લઈને ધોધમાર વરસાદી ઝાપટા પડી રહ્યા છે.

અબડાસા તાલુકાના ડુમરાથી સમાચાર મિત્ર જયેશ ગોસ્વામીએ આકાશવાણીને જણાવ્યું કે, સારા વરસાદને પગલે ડેમ તેમજ સીમતળમાં આવેલી તલાવડીઓ બીજી વખત ઓગની ગઈ છે.

જીલ્લા કંટ્રોલ રૂમ પાસેથી અમને મળેલી વિગતો મુજબ, આજે સાંજે ૬ વાગ્યે પુરા થતા ૧૨ કલાક દરમ્યાન માંડવીમાં ૨૦ મીલીમીટર, અબડાસામાં ૧૩ અને નખત્રાણા ૬ મીલીમીટર વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે કચ્છમાં ઓરેન્જ એલર્ટ સાથે છૂટા છવાયા સ્થળે ભારેથી અતિ ભારે વરસાદ વરસવાની આગાહી કરી છે. આવતીકાલે શુક્રવારે ભારે વરસાદ બાદ શનિવારથી વરસાદ ઘટશે તેમ પણ જણાવવામાં આવ્યું છે.

બદલાયેલા વાતાવરણના પગલે માંડવીના દરિયામાં ઊંચા મોજા ઉછળ્યા હતા. સાગર તોફાની બનતાં તંત્ર દ્વારા બંદર પર 3 નંબરનું ભય સૂચક સિગ્નલ લગાવાયું હતું. તેની સાથે માછીમારોને દરિયામાં ન ઉતરવા તેમજ કિનારે સાવચેતી રાખવા સુચના આપવામાં આવી છે.

લખપત અને અબડાસા તાલુકામાં અષાઢ માસના આરંભે ઝાપટા વરસ્યા બાદ મોટાભાગના ધરતીપુત્રો દ્વારા ખેતરોમાં મોટા પ્રમાણમાં બિયારણોનું વાવેતર કરી દીધું હતું. જોકે, ત્યારબાદ  લાંબા સમય સુધી આ વિસ્તારમાં મેઘ મહેર ન થતા ખેડૂતો ચિંતિત બન્યા હતા.પરંતુ શ્રવણી પર્વ સાતમ આઠમથી ઝાપટા રૂપે વરસાદનો દોર છેલ્લા ચાર-પાંચ દિવસથી ચાલુ રહેતા ખેડૂતો ખુશખુશાલ બન્યા છે.

---